# GNLUના સ્કોલરને TISSના પ્રોફેસર આપશે માર્ગદર્શન

**EDUCATION**

સિટી રિપોર્ટર . અમદાવાદ

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) અને ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ મુંબઈએ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે પરસ્પર સહયોગ માટે એક સમજૂતી કરાર(એમઓયુ) સાઈન કર્યા છે. આ એમએયુની સમય મર્યાદા 5 વર્ષની રહેશે. ટીઆઈએસએસ ખાતે આયોજીત એક સમારંભમાં આ સમજૂતી ઉપર ટીઆઈએસએસ વતી કાર્યકારી રજિસ્ટ્રાર એમ.પી બાલમુરૂગન અને જીએનએલયુ વતી રજિસ્ટ્રાર ઈન્ચાર્જ ડૉ.જગદીશ ચંદ્રાએ હસ્તાક્ષર કર્યા હતા. એમઓયુ અંતગર્ત બંને સંસ્થાના વિદ્યાર્થીઓ વચ્ચે સ્ટુડન્ટ્સ એક્સચેન્જ પ્રોગ્રામ, શિક્ષણ અને સંશોધન હેતુ માટે ફેકલ્ટી એક્સચેન્જ પ્રોગ્રામ, વચ્ચે રિસર્ચ અને પબ્લિકેશનની પ્રવૃતિઓ, તાલિમ કાર્યક્રમો, પરિષદ, પરિસંવાદ અને વર્કશોપ યોજશે. આ સાથે પીએચ.ડીમાં સ્ટડી કરી રહેલા વિદ્યાર્થીઓ એકબીજાની લાયબ્રેરીનો ઉપયોગ કરી શકશે. ઈન્ટરડિસિપ્લરીન એરિયામાં રિસર્ચ કરતા જીએનએલયુના ડૉક્ટરલ સ્કોલરો હવે ટીઆઈએસએસના પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી કરી શકશે.

જીએનએલયુના ડાયરેક્ટર એસ.શાંથા કુમારે કહ્યું કે, 'શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે પરસ્પર સહયોગથી સારા પરિણામો લાવી શકાય છે. આ એમએયુથી જીએનએલયુ અને ટીઆઈએસએસના વિદ્યાર્થીઓ નવું જાણી અને શીખી શકશે.

Scanned by CamScanner